જિલ્લા પંચાયત પ્રમુખશ્રીના ઉપયોગ માટે
જુનુ વાહન રદ કરી, સ્વભંડોળમાંથી નવુ
વાહન ખરીદ કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વહન-૧૦૨૦૧૧-૮૧૪-જ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૯-૧૨-૨૦૧૧

વંચાણે લીધાઃ-

(૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)-જ, તા.-૯-૯-૯૮

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ વહન-૧૦૯૫-૨૪૬૨-પાર્ટ-૨-જ, તા.૨૩-૭-૨૦૦૭

(૩) બંદરો અને વાહન વ્યવહારના ઠરાવ ક્રમાંકઃ જીટીએસ-૧૦૨૦૦૬-યુ.ઓ.-૮-ધ, તા.૨૪-૯-૦૮

(૪) પંચાયત કાઉન્સીલની તા.૨૪-૧૨-૦૮ ની કાર્યવાહી નોંધ ક્રમાંકઃ ૨૫ક-૧૦૨૦૦૮-૧૧૨૯-(૨)-જ, તા.૪-૨-૦૯

(૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરાનો પત્ર ક્રમાંકઃ જા.નં.-એસકે-૪૪૩-૨૦૧૧,તા.૨૦-૬-૨૦૧૧

ઠ રા વઃ-

રાજયની જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓને, તેમના જુના અને કન્ડેમ થતા વાહનોની સામે સંબંધિત જિલ્લા પંચાયતના સ્વભંડોળમાં નાણાકિય જોગવાઇ કરી, નવુ વાહન ખરીદવાની મંજુરી આપવાની નીતિ રહી છે. તેમાં છેલ્લે પંચાયત વિભાગના વંચાણે લીધા ક્રમાંકઃ (૨) ના ઠરાવથી જિલ્લા પંચાયત પ્રમુખશ્રીઓ માટે તેમના જુના રદ થતા વાહન સામે ટવેરા યુરો-બી-૧૦(એમ ૧૦ એ બીએસ-૨) નોન એ.સી. વાહન ખરીદવાની નીતિ નકકી કરવામાં આવેલ છે તે પછી રાજય સરકારે રાજયના અધિકારીશ્રીઓ અને ક્ષેત્રિય અધિકારીઓ માટે, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૩)ના ઠરાવથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓના ઉપયોગ સારૂ લાંબા પ્રવાસમાં અનુકુળતા થાય તેવી રેઇટ કોન્ટ્રાકટ હેઠળની બિન વાતાનુકુલિત ઇનોવા (ડીઝલ) રૂ.૫.૭૮ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ ઇઠયોતેર હજાર પુરા) ની મર્યાદામાં ( આ ખરીદ કિંમતમાં સ્થાનિક કરવેરા અને વીમાના ખર્ચનો સમાવેશ થશે નહી.) ખરીદવાની મંજુરી આપેલ છે. રાજયની જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓને પણ આ પ્રકારનું વાહન ઉપલબ્ધ થાય તે માટે, ગુજરાત રાજય પંચાયત કાઉન્સીલની તા.૨૪-૧૨-૦૮ ની બેઠકમાં નિર્ણય થતાં, ઘણા બધા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓએ આ પ્રકારનું વાહન ખરીદવાની મંજુરી માટેની દરખાસ્તો સરકારશ્રીને મળતા આ બાબતે નિર્ણય કરવાની બાબત, સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે, હાલની નીતિમાં સુધારો કરી, હવે જિલ્લા પંચાયત પ્રમુખશ્રીઓને પણ તેમના જુના કન્ડેમ થતા વાહનની સામે રેઇટ કોન્ટ્રાકટ હેઠળની બિન વાતાનુકુલિત ઇનોવા (ડીઝલ) રૂ.૫.૭૮ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ ઇઠયોતેર હજાર પુરા) ની

મર્યાદામાં, સંબંધિત જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી ખર્ચ કરી, નીચેની શરતોએ ખરીદવાનું આથી ઠરાવવામાં આવે છે.

શરતોઃ-

(૧) જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ધ્વારા ઉપયોગમાં લેવાતુ હાલનું વાહન સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ નિયમો અને જોગવાઇઓ અનુસાર રદ કર્યા બાદ તેની અવેજીમાં આ નવુ વાહન ખરીદવાનું રહે છે.

(૨) નવા વાહનની ખરીદી માટે, જિલ્લા પંચાયતના સ્વભંડોળમાં સંબંધિત વર્ષમાં નાણાકિય જોગવાઇ કરી, ખરીદ કરવાનું રહેશે.

(૩) આ વાહન ખરીદવા માટે સરકારશ્રીની ગ્રાન્ટમાંથી કોઇ રકમ ફાળવી કે ખર્ચી શકાશે નહિ.

(૪) નવા વાહનની ખરીદી અંગેની કાર્યવાહી પૂર્ણ કરી, તે અંગેની જાણ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને કરવાની રહેશે.

(૫) નવા ખરીદેલ વાહનનું રજીસ્ટ્રેશન, વીમો ઉતારવો અને હીસ્ટ્રીશીટ બનાવવુ વગેરે આનુષાંગિક કાર્યવાહી સંબંધિત જિલ્લા પંચાયતે કરવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગની તા.૧૪-૧૦-૧૧ તથા સચિશ્રી(ખર્ચ), નાણા વિભાગની તા.૨૫-૧૦-૧૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.આર.ભગોરા)
ઉપસચિવ,
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પંચાયત)નું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર
- માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(પંચાયત)નું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- એ.જી. રાજકોટ/અમદાવાદ
- તમામ તિજોરી અધિકારીશ્રી
- સિલેકટ ફાઇલ-
- નાયબ સેકશન અધિકારી/જ-શાખા